Extra No. 23

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] SATURDAY, JANUARY 17, 2026 / PAUSA 27, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયેનો

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર/૦૨/૨૦૨૬. ગોપાલપુર તા.જી.આણંદ આર.ઓ.બી. માટે વડોદરા-ગેરાતપુર સેકશન રેલ્વે વચ્ચે ક્રોસીંગ નં.એલ.સી.૨૫૭ (કિ.મી.૪૨૬/૧૮-૨૦ (ગોપાલપુરા) ખાતે રેલ્વે ઓવરબ્રિજ (ROB) બનાવવાની કામગીરી હાથ ધરવાની થતી હોઈ, સલામતીના હેતુથી સદર.એલ.સી.નં.૨૫૭ પર જતા ભારે તથા મધ્યમ વાહનોની અવરજવર કરવા માટે પ્રતિબંધ કરી રોડ ડાયવર્ઝન કરવા અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા ડેપ્યુટી ચીફ એન્જીનીયર,પ.રે.આસરવા, અમદાવાદનાઓએ તેમના તા.૧૦/૧૧/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, આણંદના પત્ર ક્ર.સીબી-૫/ડાયવર્ઝન/ફા.નં.૨૫૭/૧૦૧/૨૬, તા.૦૩/૦૧/૨૦૨૬ તથા કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ, આણંદના પત્ર નં.ઈ-૬/પીબી/૭૦૨૧/૨૦૨૫, તા.૨૯/૧૨/૨૦૨૫થી અત્રે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અભિપ્રાય મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ રૂટ ઉપર તા.૦૬/૦૧/૨૦૨૬ થી તા.૦૫/૦૧/૨૦૨૭ સુધી ભારે વાહનોને ડાયવર્ટ કરવા નીચે મુજબનો હુકમ કરુ છું.

ડાયવર્ઝન રૂટઃ-

ગોપાલપુરા એલ.સી.નં.૨૫૭ પરથી આણંદ તરફ પસાર થતો તમામ વાહનવ્યવહાર.

વૈકલ્પિક રૂટઃ-

(૧) ગોપાલપુરા ગામ તરફથી આણંદ તરફ જતો તમામ વાહનવ્યવહાર ગોપાલપુર ગામથી જહાગીરપુરા થઈ હાડગુડ ગામ થઈ એગ્રીકલ્ચર યુનિવર્સિટી રોડ થઈ આણંદ તરફ જઈ શકશે.

(૨) ગોપાલપુરા ગામ તરફથી આણંદ તરફ જતો તમામ વાહનવ્યવહાર વડોદ ગામ થઈ રૂપારેલ વાળો અંડરપાસ થઈ ને.હા.નં.૮ પરથી પસાર થઈ ચીખોદરા ચોકડી થઈ ગણેશ ચોકડી થઈ આણંદ તરફ જઈ શકશે.

ઉકત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા ડેપ્યુટી ચીફ એન્જીનીયર, પ.રે.આસરવા, અમદાવાદ દ્વારા કરવાની રહેશે. તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજરોજ તા.૦૬/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઇ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
આણંદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.02.06 16:48:43 IST